રાજકોટના ર૧મા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ : રાજકોટ,

ક્રિમીનલ કેસ નં. 16383-2023

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : તરંગભાઈ શૈલેષભાઈ ગોંડલીયા

**ગુનો : ઈ. પી. કોડ ની કલમ –૧૮૮ મુજબ**

**કબુલાત ઠરાવ**

૧. આ કામે તહોમતદારનાઓએ કબુલાત પુરસીસ આપી જાહેર કરેલ છે કે, તેઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરે છે અને ભવિષ્યમાં ગુનો નહિ કરવાની ખાત્રી આપે છે, જે મુજબ તહોમતદારની પુરસીસ રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને તહોમતદારની પુછપરછ કરતા તેઓએ ગુનો સ્વૈચ્છિક રીતે કબુલ કરેલ હોવાનુ જાહેર કરેલ છે.

ર. તહોમતદાર તરફે વિ. ધારાશાસ્ત્રીની રજુઆત છે કે, તહોમતદાર સામે ઈ. પી. કોડની કલમ –૧૮૮ નો આક્ષેપ છે. આરોપી ગરીબ વર્ગના માણસ છે, તેમની પરિસ્તિતિ ખુબ નબળી છે. ગુનાનુ તહોમત જોતાં સજાની જોગવાઈ ઓછી છે, સામાન્ય ગુનો છે, ગુનાનુ સ્વરૂપ જોતા તે સામાનય છે. પ્રથમ ગુનો છે. ભુતકાળમાં ગુનો કરેલ નથી, આરોપીની ૩૬ વર્ષની ઉંમર છે અને કુટુંબમા એક માત્ર કમાનાાર છે અને બાળ બચ્ચાવાળા હોઈ કુટુંબના સભ્યોની જવાબદારી તેમના ઉપર છે. બીજુ કોઈ કમાનાર નથી. જો આરોપીને ઓછામાં ઓછી કરતા પણ ઓછી સજા અને દંડ કરવામાં આવશે તો તેઓને ગુનો કર્યાનો ઘણો જ અહેસાસ છે અને ફરી વખત આવો ગુનો ન થાય તેની પુરતી કાળજી રાખશે. જેથી તહોમતદાર ઉપર દયા રરાખી યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે.

૩. તહોમતદાર સામેના આક્ષેપીત ગુનો ઘ્યાને લેતા તથા ફરીયાદની હકીકત ઘ્યાને લેતા કોઈ માનવજિંદગીની કોઈ સલામતીને ભયમાં મુકી હુલ્લડ કે બખેડો કરેલ હોવાનો કોઈ આક્ષેપ નથી. જેથી તહોમતદારની કબુલાત પુરસીસ ઘ્યાને લઈ નીચે મુજબ હુકમ કરુ છુ.

# હુ ક મ

ક્રિમીનલ પ્રોસીજ કરોડ ની કલમ –૨૫૨ અન્વયે આરોપીને ઈ. પી. કોડની કલમ –૧૮૮ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી રૂા. ૧૦૦/– (અંકે રૂપીયા સો પુરા ) નો દંડની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દીન –૧ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૯ મી, ડીસેમ્બર સને ૨૦૨૩ ના રોજ લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

***DATE : 09-12-2023***

***PLACE: RAJKOT***

***(SHEETAL VENKATESON MUDALIAR)***

***21st ADDL CHIEF JUDICIAL MAGISTRATE***

***RAJKOT.***

***CODE NO.GJ01217***